ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૯/૨૧-૨૨/ 1360

તારીખ : 28 APR 2022

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૯/૨૧-૨૨

પ્રતિ,
શ્રી ડાભી સુમિત કે,
સરકારી ક્વાર્ટર્સ, મૂળી,
જકાતનાકા ટાઈપ-બી,
તા.મૂળી,
જી.સુરેન્દ્રનગર.

મો.નં- ૯૯૯૮૩ ૮૫૪૬૨

**વિષય :** વિજ વપરાશનું બિલ વધુ આપવા બાબત.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૯/૦૧/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૯/૨૧-૨૨/૨૫૮ તા.૨૫/૦૧/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૯/૨૧-૨૨/૮૨૬ તા.૧૦/૦૩/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૨/૦૩/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મૂળી.**

P.G.V.C.L. Bhavnagar Consumer Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૯/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી ડાભી સુમિત કે,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૨/૦૩/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી ડાભી સુમિત કે (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી** એમ.વી. ઝાલા,નાયબ **ઈજનેર, વિભાગીય કચેરી,** સુરેન્દ્રનગર.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ડાભી સુમિત કે, મું.મૂળી, જી.સુરેન્દ્રનગર ની વિજ વપરાશનું બિલ વધુ આવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૯/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૯/૨૧–૨૨/૨૫૮ તા.૨૫/૦૧/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૨/૦૩/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે **શ્રી** એમ.વી. ઝાલા,નાયબ **ઈજનેર,** વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી પેટા વિભાગીય કચેરી, મૂળી ખાતે મૂળી ગામ વિસ્તારમાં ગ્રાહક નં–૨૭૬૦૧/૦૧૬૩૧/૫ થી ઘર વપરાશનું ૦.૫ કિ.વો.નું તા.૧૧/૦૪/૨૦૦૩ થી વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદી શ્રી ડાભી સુમિત કે સામુહિક આરોગ્ય કેન્દ્ર મૂળી ખાતે ફરજ બજાવે છે. તેઓ સદર સ્થળ પર નવેમ્બર–૨૦૨૦ થી રહેઠાણ ધરાવે છે.

૧.૩ જુલાઈ–૨૦૨૦ માં વિજ કચેરીના મીટર રીડર વિજ બિલ આપવા માટે આવેલ હતા ત્યારે તેઓને મીટરમાં વપરાશ કરતા વધુ રીડીગ ફરેલ હોવાનું લાગેલ હોવાથી વિજ બિલ ઓફીસમાં જાણ કર્યા પછી આપવામાં આવશે તેમ જણાવેલ હતું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ વિજ કચેરીના કર્મચારી દ્વારા તા.૧૬/૦૭/૨૦૨૧ ના રોજ મીટર લેબમાં ચકાસણી કરવા માટે ઉતારવામાં આવેલ હતું. વિજ કર્મચારી દ્વારા આપવામાં આવેલ તારીખે લેબમાં ગેયલ હતો પણ ઉપસ્થિત કર્મચારી મીટર લેબમાં લાવવામાં આવેલ નથી તેમ જણાવેલ તેમજ મીટર ની ચકાસણી કરીને તમોને જાણ કરવામાં આવશે તેમ જણાવેલ હતું.

૧.૫ વિજ કચેરી દ્વારા નવેમ્બર–૨૦૨૧ માં રૂા.૯૯,૬૩૪/– નું વિજ બિલ આપવામાં આવેલ. તે બિલ લઈને વિજ કચેરીમાં જતા તેઓ દ્વારા સદર બાબતે અરજી કરવા જણાવેલ હતું. જે માટે વાદી દ્વારા તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ વિજ કચેરી માં અરજી આપેલ હતી.

૧.૬ તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ આપેલ અરજી ના અનસંધાને તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ જવાબ આપવામાં આવેલ હતો. જેમાં જણાવેલ કે, લેબમાં મીટર ખોલવામાં આવતા ૬૮૬૫ પેન્ડીગ યુનિટ નીકળેલ હતા અને ચાલુ વપરાશ ના ૪૫ યુનિટ મળીને કુલ ૬૯૧૦ યુનિટ નું રૂા.૪૯,૭૩૮/૧૦ નું બિલ બનેલ છે. જે બિલ ભરવાપાત્ર હોવાથી સમયસર ભરપાઈ કરી આપવું, તેમ જણાવેલ હતું. જેની નકલ આ સાથે સામેલ છે. તો આ બાબત ધ્યાને લઈ વહેલી તકે જરૂરી સૂચના આપવી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદીનું વિજ કનેકશન ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયર ના નામે આવેલ છે. જે સરકારી કવાર્ટર છે. તે કવાર્ટર માં વાદી નવેમ્બર–૨૦૨૦ થી રહે છે. વાદીને સરેરાશ વપરાશ લેઝર મુજબ ૧૫૦ થી ૨૦૦ યુનિટ જોવા મળે છે. લેઝર ની નકલ આ સાથે સામેલ છે.

૨.૨ મીટર રીડર દ્વારા તા.૧૩/૦૭/૨૦૨૧ ના રોજ મીટર નું વાંચન કરતા તેમાં સરેરાશ વપરાશ કરતા વધુ માલૂમ પડતા સરેરાશ મુજબનું બિલ '' F '' મુજબ આપવામાં આવેલ હતું.

૨.૩ મીટર રીડર દ્વારા સદર મીટર બાબતે ઓફીસમાં રજૂઆત કરતા ઓફીસ કર્મચારી દ્વારા તા.૧૬/૦૭/૨૦૨૧ ના રોજ મીટર બદલવામાં આવેલ હતું.

૨.૪ વાદી વિજ કર્મચારી દ્વારા આપવામાં આવેલ પ્રફોર્મા માં આપેલ તારીખે લેબમાં ગયેલ હતા, પણ મીટર લેબમાં લાવેલ નહી હોવાથી, મીટર ખોલવામાં આવેલ હતું નહી.

૨.૫ સદર મીટર લેબમાં તા.૧૬/૦૮/૨૦૨૧ ના રોજ ખોલવામાં આવેલ હતું. જેમાં, મીરટમાં ૧૩૪૯૮ રીડીગ માલૂમ પડેલ હતા. લેબ રીપોર્ટ ના આધારે એલ.ટી.બિલીગમાં તા.૨૭/૦૮/૨૦૨૧ ના રોજ મીટર ચેન્જ ની એન્ટ્રી લેતા, એલ.ટી.બિલીગ સીસ્ટમ દ્વારા જુના મીટર ના રીડીગ ૬૬૩૩ થી લેબના યુનિટ ૧૩૪૯૮ સુધી ગણી, તફાવત યુનિટ ૬૮૬૫ નું બિલ બનાવેલ હતું. જેમાં, નવા મીટર ના રીડીગ ૪૫ ઉમેરતા, કુલ ૬૯૧૦ યૂનિટ નું કુલ બિલ રૂા.૪૯,૭૩૮/૧૦ આપવામાં આવેલ હતું. જે વિજ બિલ વાદી દ્વારા ભરપાઈ કરવાનું થાય છે. જે આપ સાહેબની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ અરજદારની રજૂઆત તેમજ બિલીંગ હિસ્ટ્રીનો અભ્યાસ કરતા એવું માલુમ પડેલ છે કે વાદી મુળી ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્રના ક્વાટરમાં નવે. ૨૦૨૦ થી વસવાટ કરે છે, જે ક્વાર્ટરમાં કુલ લોડ ૧૨૮૫ વોટ ( ૨ પંખા + ૩ ટ્યુબલાઈટ + ૧ હીટર) જોડેલ છે.સદર વીજ પ્રથાપન ઉપર જોડેલ ઉપરોક્ત લોડ ને ધ્યાનમાં લેતા અને ભૂતકાળના વીજ વપરાશને ધ્યાન લેતા આ વીજ જોડાણમાં જલાઈ-ઓગસ્ટ ૨૦૨૧ દરમ્યાન જુના મીટરમાં થયેલ વીજ વપરાશ ૬૮૬૫ યુનિટ અવાસ્તવિક જણાય છે. જે મુજબ એક દિવસનો સરેરાશ વીજ વપરાશ ૧૦૦ યુનિટ કરતા પણ વધારે થાય છે જે આ વીજ જોડાણ માટે વાસ્તવિક અને તર્કસંગત જણાતો નથી. તદુપરાંત બદલેલ મીટર ૨૦૧૧નું લેબ ટેસ્ટેડ હોઈ મીટર ડેટા પણ મળી શકેલ નથી.

૩.૨ આ સંજોગોમાં ફોરમને સદર વીજ યુનિટનું બીલ રિવાઈઝ્ડ કરવું જરૂરી જણાય છે, તેથી ઉપરોક્ત ૬૯૮૫ યુનિટ ને ધ્યાનમાં ન લેતા તે સમયગાળાનું એવરેજ યુનિટનું બીલ ગણીને નવીન બીલ આપવા તેમજ અગાઉના બીલ ને રદ ગણવા માટે ફોરમ નિર્ણય કરે છે.

<u>–:: હુકમ ::–</u>

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " 3.૨ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ. મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કંં.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– ૨૨/૦૩/૨૦૨૨.